# વિવિધ ફોલ્ડેબલ સ્ટડી ટેબલ ડીઝાઈન



આ પણે ક્યારેક ફરિયાદ કરતાં હોઈએ છીએ કે બાળકો એક્સરખો અભ્યાસ કરવા બેસતાં નથી, વારંવાર ઊભાં થાય છે અને વગેરે વગેરે... તેની પાછળ ઘણાં કારણોમાંથી એક કારણ એ પણ હોય શકે કે તેમને બેડરૂમમાં અભ્યાસ માટે બેસવાની વ્યવસ્થિત જગ્યા હોતી નથી. ક્યારેક બેડરૂમ એટલો નાનો હોય કે તેમાં સ્ટડી એરિયા બનાવી શકાતો નથી. તો આવા સમયે, પોર્ટેબલ સ્ટડી ટેબલ શ્રેષ્ઠ વિકલ્પ બની રહે છે. પોર્ટેબલ સ્ટડી ટેબલ ફક્ત બાળકોને જ નહિ પરંતુ પુખ્ત વયની વ્યક્તિને પણ ઉપયોગી બની રહે છે. ફ્લેક્સીબલ અને સ્પેસ સેવિંગ હોવાને કારણે તે ઘણાં લોકપ્રિય બની રહ્યાં છે. જાત જાતનાં પોર્ટેબલ સ્ટડી ટેબલ અને તેની ખાસિયત અને ઉપયોગિતા અહીં જોઈએ...




## પારંપરિક લાકડાનું ફોલ્ડેબલ ડેસ્ક:

જેમના માટે લાકડાની મજબૂતાઈ વધારે મહત્ત્વની છે તેઓ પરંપરાગત ફોલ્ડેબલ ડેસ્ક પસંદ કરે છે. તે ક્લાસિક લુક આપે છે. પરંપરાગત અને આધુનિક બંને વાતાવરણમાં આ ડેસ્ક સારું લાગે છે. તે વિવિધ ફિનિશમાં ઉપલબ્ધ છે જે દરેક પ્રકારની ડીઝાઈન સાથે મેળ ખાય છે. તે ઘણી વાર ઉત્કૃષ્ટ કારીગરી સાથે મળી આવે છે.

## મોડર્ન મેટલ ફ્રેમ ફોલ્ડેબલ ટેબલ :

જેમને આકર્ષક અને આધુનિક લુક ગમે છે તેમના માટે આ સારો વિકલ્પ છે. મેટલના સિમ્પલ અને સ્ટ્રેટ લાઈન ડીઝાઈનવાળા આ ટેબલ તેને વધારે આધુનિક લુક આપે છે. આ ઉપરાંત, મોટાભાગના આવા ટેબલમાં વાપરનાર વ્યક્તિની ઊંચાઈ પ્રમાણે એડજસ્ટમેન્ટની સુવિધા પણ હોય છે.

## વોલ-પ્લેસ્ડ ફોલ્ડેબલ ડેસ્ક:

જગ્યાનો અભાવ હોય તેવા ઘરમાં દીવાલ પર લગાવી શકાય તેવું ડેસ્ક શ્રેષ્ઠ વિકલ્પ રહે છે. જ્યારે ઉપયોગ ન કરતાં હો ત્યારે આ ડેસ્કને દીવાલ તરફ ફોલ્ડ કરીને રાખી શકાય છે. આના કારણે જગ્યા પણ રોકાતી નથી અને જરૂર પડે ત્યારે ડેસ્ક ઊભું કરી શકાય છે. લીવીંગ રૂમ કે બેડરૂમ જેવી જગ્યામાં સ્ટડી એરિયા ઊભો કરવા માંગતી વ્યક્તિઓને આ ડીઝાઈન ઘણી ઉપયોગી થઇ રહે છે.

## કન્વર્ટીબલ બૂક શેલ્ફ ડેસ્ક:

આ પ્રકારના ડેસ્કમાં વસ્તુઓ મૂકી પણ શકાય છે અને જરૂર પડે ત્યારે ડેસ્ક તરીકે ઉપયોગ પણ કરી શકાય છે. જ્યારે કામ કે અભ્યાસ માટે ઉપયોગ કરતાં ન હો ત્યારે તેનો બુકશેલ્ફ તરીકે ઉપયોગ કરી શકાય છે. જે લોકો મલ્ટી પર્પઝ ફર્નિચરને મહત્ત્વ આપે છે તેમને આ ડીઝાઈન નવીન અને આકર્ષક લાગે છે. તેનાથી ઘરની સ્પેસ પણ ઓછી થતી નથી અને વસ્તુઓ પણ યોગ્ય રીતે મૂકી શકાય છે.

## પોર્ટેબલ લેપટોપ ડેસ્ક :



આ પ્રકારના લેપટોપ ડેસ્ક લાઈટ વેટ અને પોર્ટેબલ હોય છે. જે લોકો ઘરમાં કે બહાર કોઈ પણ જગ્યાએ કામ કરવાનું અથવા અભ્યાસ કરવાનું પસંદ કરે છે, તેમના માટે આ પોર્ટેબલ ડેસ્ક ઉપયોગી થઇ પડે છે. ઓછા વજનને કારણે તમે તેને ઈચ્છો ત્યાં લઇ જઈ શકો છો. ઉપરાંત, તેમાં તમારી જરૂરિયાત મુજબની ડેસ્કની ઊંચાઈ અને ઢોળાવ એડજસ્ટ કરવાની સુવિધા પણ હોય છે.

## ફોલ્ડેબલ સ્ટડી ટેબલ વિથ સ્ટોરેજ :

સ્ટડી ટેબલનો મહત્તમ ઉપયોગ કરવા માંગતી વ્યક્તિઓ માટે આ પ્રકારની ડીઝાઈનવાળું ડેસ્ક સારો વિકલ્પ બની રહે છે. તેમાં ફોલ્ડેબલ ડેસ્કની સાથે અભ્યાસ કે કાર્ય માટેની વસ્તુઓ મૂકવા માટેની સ્ટોરેજ સ્પેસ પણ હોય છે. ઘર કે ઓફિસમાં મૂકવામાં આવતાં પુસ્તકો અને અન્ય વસ્તુઓ માટે તેમાં શેલ્ફ, ડ્રોઅર્સ અને જુદા જુદા વિભાગો હોય છે, જે ઓછી જગ્યામાં પૂરતી સ્ટોરેજ સ્પેસ આપે છે.





## કીડ્ઝ ફોલ્ડેબલ સ્ટડી ટેબલ :

બાળકો માટે સ્ટડી ટેબલ ડીઝાઈન કરતી વખતે સલામતી અને સુવિધાને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. ગોળાકાર ધાર, એડજસ્ટેબલ હાઈટ અને રંગબેરંગી ડીઝાઈન સાથે બનાવેલા આ ટેબલમાં બાળકોની જરૂરિયાતનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. તે એક સલામત , આરામદાયક અને આકર્ષક સ્ટડી ડેસ્ક બની રહે છે. જ્યારે ડેસ્કનો ઉપયોગ ન હોય ત્યારે તેને ફોલ્ડ કરીને બાજુએ મૂકી પણ શકીએ છીએ.

## એડજસ્ટેબલ ટીલ્ટ-ટોપ ડેસ્ક:

રચનાત્મક વ્યવસાયો સાથે જોડાયેલી વ્યક્તિઓને, ડીઝાઈનર્સને, કલાકારોને તેમ જ ચોક્કસ કાર્યો માટે ઢોળાવવાળી સર્ફેસ જેને જોઈએ છે તેમના માટે આ પ્રકારનું ડેસ્ક ઘણું ઉપયોગી નીવડે છે. આ ડેસ્ક વપરાશકર્તાઓને તેમની જરૂરિયાત મુજબ ટેબલના ઝુકાવને એડજસ્ટ કરવાની સુવિધા આપે છે , જે તેમને વાંચન, લેખન કે સ્કેચિંગ જેવાં કાર્યો કરવામાં અનુકૂળ થઇ પડે છે.

## ફોલ્ડેબલ સ્ટડી ટેબલ વિથ વ્હીલ્સ :

આ ટેબલને સરળતાથી ઘરમાં ખસેડીને લઇ જઈ શકાય છે. આમાં વ્હીલ હોવાને કારણે તે ફ્લેક્સીબલ અને મુવેબલ હોય છે.

જેમને વારંવાર પોતાનું અભ્યાસનું સ્થાન કે કાર્યનું સ્થાન બદલ્યા કરવું પડતું હોય તેમના માટે આ વ્હીલવાળું ફોલ્ડેબલ સ્ટડી ટેબલ શ્રેષ્ઠ વિકલ્પ છે. આ એક વ્યવહારુ અને ફ્લેક્સીબલ વિકલ્પ છે જેઓ એક રૂમમાંથી બીજા રૂમમાં એમ જગ્યા બદલ્યા કરે છે કે પછી, હવા-ઉજાસવાળી જગ્યા શોધતા હોય.

## ફોલ્ડેબલ સ્ટડી ટેબલ વિથ ચાર્જીંગ પોર્ટસ:

ડિજિટલ વર્લ્ડમાં ટેક-સેવી લોકો માટે ચાર્જીંગ પોર્ટસ સાથેનું સ્ટડી ટેબલ આશીર્વાદરૂપ બની રહે છે. આ ટેબલમાં પાવર આઉટલેટ્સ અને USB પોર્ટસ હોય છે જે કાર્ય કે અભ્યાસ કરતાં કરતાં ડિવાઈસ ચાર્જ કરવાનું સરળ બનાવે છે. જે લોકો કાર્ય કે અભ્યાસ કરવા માટે કોમ્પ્યુટર, ટેબલેટ કે અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કરે છે તેમના માટે આ ડેસ્ક આદર્શ છે.